# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

## નમુનો–ઘ (નિયમ-૧૦)

## વિકાસ માટે પરવાનગી

**શ્રી ભરતકુમાર વિઠ્ઠલભાઇ પટેલ તથા અન્ય ત્રણ (૩) ને રહેણાંક હેતુસર,** ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬(સન-૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં. ૨૭) ની કલમ-૨૯(૧)(૧),૨૯(૧)(૨),૪૯(૧)(ખ)હેઠળ મોજે**.વાવોલ,** અંતિમ નગર રચના યોજના નં. **૧૩(વાવોલ),**તા.જી.ગાંધીનગર,સર્વે/બ્લોક નં. **૨૪૧/૧,**મુળખંડ નં. **૧૦૨/૧** અંતિમખંડ નં. **૧૦૨/૧** ની **૩૯૮૬.૦૦** ચોરસ મીટર જમીનમાં તેમની હદમાં નીચે વર્ણન કર્યા પ્રમાણે આ સાથેની શરતોને આધીન વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

**કામનું વર્ણન:**

(Type-A "A-01 To A-06"), (Type-B "A-07 To A-12"), (Type-C "B-01 To B-06"), (Type-D "B-07 To B-12")

| ક્રમ | ફ્લોર (માળ) | બાંધકામ(બિલ્ટઅપ)નું ઉપયોગી ક્ષે. (ચો.મી) | બાંધકામનો ઉપયોગ | એકમની સંખ્યા | રીમાર્કર્સ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૦૧ | ગ્રાઉન્ડ ફ્લોર | ૧૮૪૫.૮૦ | રહેણાંક | ૨૪ | --- |
| ૦૨ | ફર્સ્ટ ફ્લોર | ૧૭૫૫.૪૨ | રહેણાંક | --- | |
| ૦૩ | સેકન્ડ ફ્લોર | ૧૧૩૮.૭૮ | રહેણાંક | --- | |
| કુલ : | | ૪૭૪૦.૦૦ | રહેણાંક | ૨૪ | |

**નોંધ.માન.મ્યુનિસીપલ કમિશ્નરશ્રીએ મંજુર કર્યા મુજબ.**

**ક્રમાંક:પી.આર.એમ:જી.એમ.સી/૨૧૬/વાવોલ-૧૩/૧૦/૨૦૨૧/** ૧૧૯૬ **/૨૦૨૨**

**વપરાશ: રહેણાંક**

**તારીખ :** 20/01/2022

Acharya..

**જુનીયર નગર નિયોજક**
**ગાંધીનગર મહાનગરપાલિકા**
**ગાંધીનગર**

## -:ખાસ શરતો:-

(૦૧) આ વિકાસ પરવાનગીથી સી.જી.ડી.સી.આર-૨૦૧૭ ના વિનયમ નં:૨૯ મુજબ તેમજ લાગુ પડતા કાયદા/નિયમો અન્વયેની પરવાનગીઓ મળતી નથી.

(૦૨) વિકાસ પરવાનગી મેળવ્યા બાદ સ્થળ ઉપર શરૂ કરતા પહેલા સાત દિવસ અગાઉ ફોર્મ નં: ૦૨ (ડી) નું એનેક્ષર, સ્ટ્રકચરલ ડ્રોઇંગ, વર્કીંગ ડ્રોઇંગ તથા સોઇલ ઇન્વેસ્ટીગેશન રીપોર્ટસ નિયમોનુસાર રજુ કરવાના રહેશે.

(૦૩) બાંધકામના નીચેના તબકકે ફોર્મ નં:૧૧ (નોટીસ ઓફ પ્રોગ્રેસ ઓફ કન્ટ્રકશન) માં દર્શાવ્યા મુજબનું પ્રોગ્રેસ સર્ટીફીકેટ રજૂ કરવાનું રહેશે અને સત્તામંડળ તરફથી પરવાનગી મેળવ્યા બાદ જ આગળના તબકકાનું બાંધકામ શરૂ કરવાનું રહેશે.

અ. પ્લીન્થ અથવા ભોંયરાનું બાંધકામ હોય તો ભોંયરા ઉપરનો સ્લેબ ભરવામાં આવે તે પહેલા

બ. પ્રથમ માળના બાંધકામ વખતે.

ક. વચગાળાના માળના બાંધકામ વખતે.

ડ. છેલ્લા માળના બાંધકામ વખતે.

(૦૪) સી.જી.ડી.સી.આર-૨૦૧૭ ની જોગવાઇ તથા સરકારશ્રીના તા.૧૨/૧૦/૨૦૧૭ ના સ્ટ્રકચર સેફટી અંગેના વિનિયમ નં:૦૩ અનુસાર બાંધકામના સ્થળની જરૂરીયાતોની જોગવાઇઓનું પાલન થયેથી જ સ્થળ ઉપર બાંધકામ શરૂ કરવાનું રહેશે.

(૦૫) સેપ્ટીક ટેન્ક તથા સોકવેલની સાઇઝ તથા સંખ્યા નેશનલ બિલ્ડીંગ કોડ (આઇ.એસ. ૨૪૭૦) તથા સિવિલ એન્જીનીયરીંગ હેન્ડબુક બાનાખત મુજબ ડ્રેનેજ લે-આઉટમાં દર્શાવવાના રહેશે. તે અનુસારની જોગવાઇ કરવાની જવાબદારી આર્કીટેક/ઇજનેર/સ્ટ્રકચરલ એન્જીનીયર/કર્લાક ઓફ વર્કસ/સાઇટ સુપરવાઇઝર/ડિવલોપર/જમીન માલિકની રહેશે.

(૦૬) વિકાસ પરવાનગી પત્ર તથા મંજુર થયેલ નકશાઓનો એક સેટ સ્થળ ઉપર પ્રસિધ્ધ કરવાનો રહેશે.

(૦૭) બાંધકામ પુર્ણ થયા બાદ જ વપરાશ શરૂ કરવાનો રહેશે.

(૦૮) સદરહું જમીનનો બિનખેતીનો ઉપયોગ કરતાં પહેલા લેન્ડ રેવન્યુ કોડની કલમ-૬૫ અન્વયેની સંબંધિત અધિકારીશ્રીની જરૂરી પરવાનગી લેવાની રહેશે તેમજ બિનખેતી કરાવ્યા બાદ અન્ય કાયદા હેઠળ જરૂરી બાંધકામની પરવાનગી સ્થાનિક સંસ્થા પાસેથી મેળવીને બાંધકામ કરવાનું રહેશે.આ સિવાય કરેલ વિકાસ/બાંધકામ ગેરકાયદેસર ગણાશે.

(૦૯) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૬ અને ૪૯ અન્વયે સદરહું જમીનમાં બાંધકામ મંજુર વિકાસ યોજના/નગર રચના યોજનાની દરખાસ્તો અને નિયમો મુજબ કરવાનું રહેશે.

(૧૦) બાંધકામ પરવાનગી, સર્વે નંબર/બ્લોક નંબર અથવા અંતિમખંડ અગર સબપ્લોટમાં અરજદારશ્રી જે જમીનમાં કબજેદાર/માલિક છે તે જમીન પુરતી પરવાનગી આપવામાં આવે છે.

(૧૧) આ પરવાનગીના કારણે અરજદારની માલિકી તથા જમીનનો હદ વિસ્તાર તથા ક્ષેત્રફળ અંગેની મંજુરી મળતી નથી.પરંતુ નિયમોનુસાર વિકાસ અંગેની મંજુરી મળે છે. તેમજ આ પરવાનગી અધિકૃત સનદ ટીપ્પણ, અંતિમખંડના માપને આધિન રહીને આપેલ ગણાશે.

(૧૨) વિકાસ નકશામાં અને નગર રચના યોજનામાં જુદા-જુદા વિસ્તારમાં જમીનનો અને મકાનના ઉપયોગ વિશે જે ખાસ નિયમો હશે તેની વિરૂધ્ધનો ઉપયોગ કરી શકશે નહિ. તેમજ મંજુર કરવામાં આવેલ વિકાસ પરવાનગી મુજબના નકશાના દરેક ખંડનો જે ઉપયોગ હશે તેથી જુદા ઉપયોગ અગાઉથી મંજુરી લીધા સિવાય કરી શકશે નહિ.

(૧૩) વિકાસ પરવાનગી ગાંધીનગર મહાનગરપાલિકાના પ્રવર્તમાન નિયમો મુજબ આપવામાં આવી છે અને ખાનગી હકકોના નુકશાનો અંગે મહાનગરપાલિકાની કોઇપણ જવાબદારી રહેતી નથી.

(૧૪) વિકાસ પરવાનગી ગાંધીનગર મહાનગરપાલિકાના અધિકારી જોવા માંગે તો તે બતાવવા માલિક બંધાયેલા છે જો તે નહિ બતાવે તો તે બંધ કરવા હુકમ કરશે અને તે મુજબ કામ બંધ કરવાનું રહેશે. તેમજ વિકાસ પરવાનગી સાથે મંજુર કરાયેલ નકશાઓ (લેમીનેટેડ કરાવેલ) એક સેટ/નકલ સ્થળ પર રાખવાનો રહેશે તેમજ વિકાસ પરવાનગી નંબર/તારીખ તેમજ જમીનની વિગતો દર્શાવતું બોર્ડ પણ સ્થળે પ્રસિધ્ધ કરવાનું રહેશે.

(૧૫) આ વિકાસ પરવાનગી આપ્યા તારીખથી ૧૨ માસ સુધી અમલમાં રહેશે તથા આ હુકમની તારીખથી નિયમોનુસાર મળવાપાત્ર સમયમર્યાદામાં આપેલ મંજુરી મુજબનું વિકાસ કાર્ય સમાયંતરે રીન્યુઅલ મેળવી પુર્ણ કરવાનું રહેશે.

(૧૬) સવાલવાળી જમીન લેન્ડ એકવીઝેશન એકટ-૧૮૯૪ મુજબ એન્કવાયર કરનારને સદરહું એકટની કલમ-૪ અન્વયે નોટીફીકેશનની કયું હશે તો એકવીઝેશન એકટની કલમ-૨૪ (૭) મુજબ જીલ્લા કલેકટરશ્રીની રજા, બાંધકામ શરૂ કરતા પહેલા લેવાની રહેશે.

(૧૭) વખત તો વખત શહેરી વિકાસ સત્તામંડળ તરફથી તથા સરકારશ્રી તરફથી વિકાસ માટેના જે નિયમો કે સુચનાઓ તથા જાહેરાત કરાય તે બંધનકર્તા રહેશે.

(૧૮) અરજદાર આ સત્તામંડળ તથા સરકારશ્રી વખતો વખત નકકી કરે તે મુજબના ડેવલોપમેન્ટ ચાર્જીસ, અન્ય ચાર્જીસ ડીપોઝીટ તેમજ ફી ભરવા જવાબદાર રહેશે.

(૧૯) ઉપર જણાવેલ શરતોનો ભંગ કરવા બદલ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ ધારો-૧૯૭૬ ની કલમ-૨૯/૫,૩૫,૩૬,૩૭,૪૯/૧ અને ૯૮ વિગેરેની જોગવાઇ મુજબ દંડ તથા શિક્ષાને પાત્ર રહેશે.

(૨૦) જો પ્રશ્નવાળી જમીન ઉપર બોજો હશે તો ધિરાણ કરનાર સંસ્થાના કારણો તેમને બંધનકર્તા રહેશે.

(૨૧) ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ સિવાયના બીજા પ્રવર્તમાન કાયદાઓ હેઠળ લેવા પાત્ર મંજુરીઓને આધિન રહીને વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

(૨૨) મંજુર થયેલ પ્લાન મુજબનો વિકાસ શરૂ કરતા પહેલાં સાત (૭) દિવસ અગાઉ નિયમોનુસાર ડીટેઇલ વર્કીંગ ડ્રોઇંગ તથા સ્ટ્રકચરલ ડ્રોઇંગ અત્રે રજુ રાખી તથા તેના આનુષાંગિક રીર્પોટસ સમયાંતરે અત્રે રજુ કરી તથા તબકકાવાર પ્રગતિની અત્રે નિયત નમુનામાં જાણ કરી તપાસ કરાવવાની શરતોએ વિકાસ પરવાનગી આપવામાં આવતી હોઇ તેનો ભંગ થયેથી વિકાસ પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે.

(૨૩) રજુ થયેલ નકશામાં દર્શાવ્યા મુજબનો વિકાસ કરતાં પહેલાં સ્થળે ખાનગી હકકોને નુકશાન ન થાય તેમ યોગ્ય તે અધિકૃત પ્રવેશ રજુ કરેલ કરાર મુજબ મેળવી લેવાનો રહેશે.

(૨૪) ઔધોગિક/વાણિજય બાંધકામને લગતા સરકારશ્રીના જુદા-જુદા ખાતાઓના નિતી નિયમો પણ અરજદારશ્રીને બંધનકર્તા રહેશે તથા તે અન્વયે સંબંધકનું ના-વાંધા પ્રમાણપત્ર મેળવી રજુ કરવાનું રહેશે.

(૨૫) માર્જીનવાળા ભાગમાં, આંતરિક રસ્તા ઉપર અને કોમન પ્લોટમાં કોઇને અંતરાયરૂપ ન થાય તે રીતે યોગ્ય સ્થળે કુલ જમીનમાં વિસ્તારની ગણત્રી મુજબ કોમ્પ્રેહેન્સીવ સી.જી.ડી.સી.આર-૨૦૧૭ ની જોગવાઇ મુજબ વૃક્ષો વાવવાના તથા ઉછેરવાના રહેશે તેમજ તે અન્વયે અરજદારશ્રીને અત્રે આપેલ બાંહેધરી મુજબનો અમલ કરવાનો રહેશે.

(૨૬) વરસાદી કુદરતી પાણીના વ્હેણને, અવરોધ ન થાય અને તેનો યોગ્ય રીતે અને સરળતાથી નિકાલ થાય તેવી જરૂરી વ્યવસ્થા રહેશે.

(૨૭) સરકારશ્રી દ્વારા મંજુર થયેલ અંતિમ નગર રચના યોજના નં. **૧૩ (વાવોલ)** "ગાંધીનગર મહાનગરપાલિકા" મુજબ કેસરી રંગથી દર્શાવેલ જમીનનો સમાવેશ અન્યની માલીકી જમીનમાં થતો હોઇ સદર નગર રચના યોજના થયે અંતિમખંડ મુજબની અન્યની માલિકીની જમીનનો પ્રત્યક્ષ કબજો જમીન માલિકને મળ્યા બાદ તેની સત્તામંડળની લેખિતમાં જાણ કરી પ્રસ્તુત જમીનમાં બાંધકામ/વિકાસ કાર્ય કરી શકાશે.

(૨૮) લે-આઉટ પ્લાનમાં દર્શાવેલ ખુલ્લી જમીનમાં વોટર રીચાર્જીંગ કુવા અંગેનું આયોજન રજુ કરેલ બાંહેધરી મુજબ કરવાનું રહેશે.

(૨૯) માન્ય લેબોરેટરીના સોઇલ ઇન્વેસ્ટીગેશન રીર્પોટ અન્વયે જમીન પર થનાર વિકાસ કાર્યની યોગ્યતા અને સલામતીના માપદંડ તથા સુચવેલ ભલામણોના અમલ કરી તેનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તે મુજબ બાંધકામની મજબુતાઇ અંગે સ્ટ્રકચરલ એન્જીનીયરે નકશા તૈયાર કરવાનાં રહેશે તથા બાંધકામ કરવાનું રહેશે તથા તેની જાણ સમયાંતરે સત્તામંડળને કરવાની રહેશે.

(૩૦) મંજુર કરેલ આયોજનમાં નિયમ મુજબ સ્થળે રોડ સાઇડ ફ્રન્ટ માર્જીનમાં કચરા પેટી તથા ટપાલ બોક્ષને લગતી સુવિધા આયોજકે કરવાની રહેશે.

(૩૧) રજુ કરેલ આયોજન સંદર્ભે મિલ્કતની સલામતી માટે ઇન્ડીયન સ્ટાન્ડર્ડ સ્પેશીફીકેશન એન.ઓ.સી નિયમોનુસાર સ્ટ્રકચરલ સ્ટેબીલીટી, ફાયર સેફટી તથા અન્ય બાબતો લક્ષમાં લઇ વિકાસ કાર્ય/બાંધકામ કરવાનું રહેશે તથા તે અંગે જરૂરી સક્ષમ અધિકારી/ વિભાગ તરફથી "ના-વાંધા પ્રમાણપત્ર" મેળવી અત્રે રજુ કરવાનું રહેશે તથા તે અંગેની સંપુર્ણ જવાબદારી અરજદાર/ડેવલપરશ્રીની રહેશે.

(૩૨) રજુ કરેલ લે-આઉટમાં દર્શાવેલ કોમન પ્લોટી માલિક બિનતબદીલ તથા અ-વિભાજય સત્તા પ્રકારની રહેશે. તેમજ સદરહું લે-આઉટના મંજુર કરેલ તમામ પ્લોટ/ટેનામેન્ટના વખતો-વખતના માલિકોનો પણ વણવહેંચાયેલ સમાન હિસ્સો રહેશે.

(૩૩) સવાલવાળી જમીનમાં લો-કોસ્ટ ટાઇપ હાઉસનું આયોજન હોય,નિયમોનુસાર કો.ઓપરેટી હાઉસીંગ સોસાયટીનું રજીસ્ટ્રેશન કરાવીને તેના જરૂરી પુરાવા મંજુરી હુકમ તારીખથી છ (૬) માસમાં અત્રે રજુ કરવાના રહેશે.

(૩૪) લે-આઉટમાં દર્શાવેલ ઓપન સ્પેશ,બાંધકામ નિયંત્રણ રેખા તથા કોમન પ્લોટની ખુલ્લી જમીનમાં કોઇપણ પ્રકારની બાંધકામ/વિકાસ કાર્ય કરવાનું રહેશે નહિ.

(૩૫) મંજુર કરેલ આયોજનમાં નિયમોનુસાર સોસાયટીની ખુલ્લી જમીનમાં ઇલેકટ્રીકલ ટ્રાન્સફોર્મર માટેની જમીન અલગથી ફાળવી જે તે સુવિધા આયોજકે કરવાની રહેશે.

(૩૬) અગાઉ તા.૦૨/૦૯/૨૦૨૧ ના રોજ જિલ્લા કલેકટરશ્રીની કચેરીના બિનખેતી હુકમમાં નિર્દિષ્ઠ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૩૭) ચીફ ફાયર ઓફિસરશ્રીના અભિપ્રાય સ્થળ પર ફાયર સેફટી અંગેની જોગવાઇ કરવાની રહેશે. તેમજ મેળવેલ વિકાસ પરવાનગી મુજબ સ્થળે બાંધકામ પુર્ણ કરી ફાયર સેફટી અંગેની જોગવાઇ કરી ચીફ ફાયર ઓફિસરશ્રીનું "ના-વાંધા પ્રમાણપત્ર" તેમજ અત્રેથી વપરાશનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ બાંધકામનો ઉપયોગ કરી શકાશે.

(૩૮) નેશનલ બિલ્ડીંગ કોડની જોગવાઇઓનું ચુસ્તપણે એન્જીનીયરશ્રી/સ્ટ્રકચરલ એન્જીનીયરશ્રી/ડેવલોપરશ્રીએ ચુસ્તપણે અમલ કરી બાંધકામ કરવાનું રહેશે તથા રજુ કરેલ એફીડેવીટનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૩૯) મેળવેલ વિકાસ પરવાનગી મુજબની લીફ્ટ તથા ફાયર લીફ્ટનું આયોજન કર્યા બાદ ચીફ લીફ્ટ ઇન્સ્પેકટરશ્રીનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ લીફ્ટનો ઉપયોગ કરવાનો રહેશે.

(૪૦) નેશનલ બિલ્ડીંગ કોડના ઉપલક્ષમાં ફાયર ફાઇટીંગ પ્રોવિઝન, અન્ડર ગ્રાઉન્ડ ટાંકીની જોગવાઇ વિગેરેની સંબંધક ખાતાની એન.ઓ.સી મેળવી લેવાની રહેશે.

(૪૧) લીફ્ટ/દાદર/પેસેજ/કોરીડોર વિગેરે માટે તથા ઇન્ટરનલ ફાયર હાઇડ્રન્ટ માટેની લાઇટીંગની/ ઇલેકટ્રીક સર્કીટની અલાયદી વ્યવસ્થા જે તે સંબંધક ખાતાનું "ના-વાંધા પ્રમાણપત્ર" મેળવી આયોજકે કરવાની રહેશે.

(૪૨) સદર જમીનમાં બાંધકામ/વિકાસ શરૂ કરતા પહેલા સાઇટ સુપરવાઇઝરનું અત્રેનું જરૂરી રજીસ્ટ્રેશન મેળવી સ્થળે બાંધકામ/વિકાસ કરવાનો રહેશે.

(૪૩) મેળવેલ વિકાસ પરવાનગી મુજબ સ્થળે બાંધકામ શરૂ કરતાં પહેલા વર્કીંગ ડ્રોઇંગ સ્ટ્રકચરલ ડ્રોઇંગ કોર્પોરેશનમાં રજુ કરવાના રહેશે તથા સી.જી.ડી.સી.આર-૨૦૧૭ ની જોગવાઇ મુજબ દરેક બાંધકામનો તબકકાવાર પ્રગતિ અહેવાલ સત્તામંડળમાં રજુ કરવાનો રહેશે. બાંધકામની સ્ટ્રકચરલ સ્ટેબીલીટી જળવાઇ રહે તે મુજબ બાંધકામ કરવાની સમગ્ર જવાબદારી એન્જીનીયરશ્રી/સ્ટ્રકચરલ એન્જીનીયરશ્રી/ડેવલોપરશ્રીની રહેશે.

(૪૪) ડ્રાફ્ટ સ્કીમ મુજબના અંતિમખંડ નં:..-...ની જમીનમાં મળતી અન્ય માલિકીની જમીનમાં સરકારશ્રી દ્વારા નગર રચના યોજના મંજુર થયા બાદ કાયદાકીય રીતે કબજો મેળવ્યા બાદ સદર જમીનમાં અત્રેની કચેરીની જાણ હેઠળ બાંધકામ કરવાનું રહેશે.

(૪૫) સદર નકશામાં સુચવેલ ઉંચાઇ પૈકીની <u>**૦૯.૫૩**</u> મીટર.ઉંચાઇ સુધીનું બાંધકામ કરવા માટે જ આ પરવાનગી આપવામાં આવે છે.

(૪૬) પ્રશ્ન હેઠળની જમીનનો સમાવેશ સરકારશ્રીની અંતિમ નગર રચના યોજના નં.<u>**૧૩ (વાવોલ),**</u> ગાંધીનગર મહાનગરપાલિકાના વિસ્તારમાં થતો હોઇ, આ નગર રચના યોજનાના તમામ નિર્ણય બંધનકર્તા રહેશે.

(૪૭) નગર રચના યોજનાને સરકારશ્રીની મંજુરી મળ્યેથી નિમાનાર નગર રચના અધિકારીશ્રી દ્વારા તેને અંતિમ કરતાં લે-આઉટ પ્લાન ઉપર દર્શાવેલ અંતિમખંડની હદો/ક્ષેત્રફળ કે અન્ય દરખાસ્તો ફેરફારને પાત્ર હોઇ યોજના અંતિમ થતાં નગર રચના અધિકારીશ્રી દ્વારા લીધેલ નિર્ણય બંધનકર્તા રહેશે.

(૪૮) પ્રશ્ન હેઠળની જમીનનો નગર રચના યોજના અંગેનો બેટરમેન્ટ ચાર્જ કોર્પોરેશન દ્વારા જણાવ્યેથી સત્વરે ભરપાઇ કરવાનો રહેશે તથા મંજુર લે-આઉટના સબપ્લોટસ/ફ્લેટસ જે તે ઇસમ કે સંસ્થાને ભાડે યા વેચાણ આપતી વખતે તેનો ભાડાખત/વેચાણ દસ્તાવેજમાં ઉલ્લેખ કરવાનો રહેશે.

(૪૯) સવાલવાળી જમીનના નગર રચના યોજના મુળખંડમાંથી કપાત થતી જમીનના કબજા બાબતે આપેલ બાંહેધરી મુજબનો અમલ કરવાનો રહેશે.

(૫૦) નગર રચના યોજના અન્વયે અન્યની માલિકીની જમીનમાં ફાળેલ અંતિમખંડની જમીન અન્વયે અરજદારશ્રીએ જે તે સંબંધિત જમીન માલિક/કબજેદારોની સંમતિ મેળવી તેનો કાયદાકીય જોગવાઇ અનુસાર પ્રત્યક્ષ કબજો કાયદાકીય રીતે મેળવી સવાલવાળી જમીનમાં વિકાસ કામ/બાંધકામ કરવાનું રહેશે.

(૫૧) "મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગીઓ (રોજગારીનું નિયમન અને નોકરીની શરતો) અધિનિયમ-૧૯૯૬ (the BOCW Act,1996) હેઠળ દરેક માલીકે બાંધકામ પ્રવૃતિ શરૂ થવાના (૩૦) દિવસ પહેલા સદર કાયદા હેઠળના નિયત નમુના-૪ માં નોટીસ મોકલી જાણ કરવી તેમજ કામકાજ શરૂ કર્યાના ૬૦ દિવસમાં જરુરી સાઇટની નોંધણી નાયબ નિયામક, ઔધોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, સી-બ્લોક, ૫ મો માળ, સહયોગ સંકુલ, પથિકા આશ્રમ પાસે, સેકટર નં:૧૧, ગાંધીનગર ખાતે (www.ifp.gujarat.gov.in) કરાવી તે અંગેનું પ્રમાણપત્ર મેળવી ઉકત કચેરી ખાતે રજુ કરવાનું રહેશે"

(૫૨) ઉપરોક્ત જણાવેલ કોઇપણ શરતનો ભંગ થશે તો આપેલ વિકાસ પરવાનગી આપો-આપ રદ થયેલી ગણાશે.

**નોંધ. માન. મ્યુનિસીપલ કમિશ્નરશ્રીએ મંજુર કર્યા મુજબ.**
**ક્રમાંક:પી. આર. એમ:જી. એમ. સી/૨૧૬/વાવોલ-૧૩/૧૦/૨૦૨૧/ ૧૧૯૬ /૨૦૨૨**
**વપરાશ: રહેણાંક**
**તારીખ : 20/01/2022**

Acharya..
**જુનીયર નગર નિયોજક**
**ગાંધીનગર મહાનગરપાલિકા**
**ગાંધીનગર**

# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન
## વિકાસ માટે પરવાનગી
## સબડીવીઝન માટે વિકાસ પરવાનગી

**શ્રી ભરતકુમાર વિઠ્ઠલભાઇ પટેલ તથા અન્ય ત્રણ (૩) ને રહેણાંક હેતુસર,** ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬(સન-૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭) ની કલમ-૨૯(૧)(૧),૨૯(૧)(૨),૪૯(૧)(ખ) હેઠળ મોજે.**વાવોલ,**અંતિમ નગર રચના યોજના નં.**૧૩ (વાવોલ),**તા.જી.ગાંધીનગર,સર્વે/બ્લોક નં.**૨૪૧/૧,**મુળખંડ નં.**૧૦૨/૧** અંતિમખંડ નં.**૧૦૨/૧** ની **૩૯૮૬.૦૦** ચોરસ મીટર જમીનમાં તેમની હદમાં નીચે વર્ણન કર્યા પ્રમાણે આ સાથેની શરતોને આધીન સબડીવીઝન માટે વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

| ક્રમ | પ્લોટની વિગત | ક્ષેત્રફળ ચો.મી | સુચિત સબ પ્લોટીંગની વિગત | ક્ષેત્રફળ ચો.મી | રીમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૦૧ | અંતિમખંડ નં:૧૦૨/૧ | ૩૯૮૬ | સબપ્લોટ નં:એ-૦૧ | ૧૫૭.૭૯ | --- |
| | | | સબપ્લોટ નં:એ-૦૨ | ૧૦૩.૭૫ | |
| | | | સબપ્લોટ નં:એ-૦૩ | ૧૦૩.૭૫ | |
| | | | સબપ્લોટ નં:એ-૦૪ | ૧૦૩.૭૫ | |
| | | | સબપ્લોટ નં:એ-૦૫ | ૧૦૩.૭૫ | |
| | | | સબપ્લોટ નં:એ-૦૬ | ૧૪૯.૧૩ | |
| | | | સબપ્લોટ નં:એ-૦૭ | ૧૪૯.૧૩ | |
| | | | સબપ્લોટ નં:એ-૦૮ | ૧૦૩.૭૫ | |
| | | | સબપ્લોટ નં:એ-૦૯ | ૧૦૩.૭૫ | |
| | | | સબપ્લોટ નં:એ-૧૦ | ૧૦૩.૭૫ | |
| | | | સબપ્લોટ નં:એ-૧૧ | ૧૦૩.૭૫ | |
| | | | સબપ્લોટ નં:એ-૧૨ | ૧૪૦.૪૭ | |
| | | | સબપ્લોટ નં:બી-૦૧ | ૧૫૪.૧૫ | |
| | | | સબપ્લોટ નં:બી-૦૨ | ૧૦૦.૧૧ | |
| | | | સબપ્લોટ નં:બી-૦૩ | ૧૦૦.૧૧ | |
| | | | સબપ્લોટ નં:બી-૦૪ | ૧૦૦.૧૧ | |
| | | | સબપ્લોટ નં:બી-૦૫ | ૧૦૦.૧૧ | |
| | | | સબપ્લોટ નં:બી-૦૬ | ૧૪૫.૪૯ | |

બહુમાળી ભવન,પ્રથમ માળ,સેકટર નં.૧૧, ફોન નં.૦૭૯-૨૩૨૨૦૪૪૦,ફેકસ નં.૦૭૯-૨૩૨૨૧૪૧૯,Email.gmc8gandhinagar@gmail.com

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | સબપ્લોટ નં:બી-૦૭ | ૧૪૫.૪૯ | |
| | | | સબપ્લોટ નં:બી-૦૮ | ૧૦૦.૧૧ | |
| | | | સબપ્લોટ નં:બી-૦૯ | ૧૦૦.૧૧ | |
| | | ૩૯૮૬ | સબપ્લોટ નં:બી-૧૦ | ૧૦૦.૧૧ | |
| | | | સબપ્લોટ નં:બી-૧૧ | ૧૦૦.૧૧ | --- |
| | અંતિમખંડ નં:૧૦૨/૧ | | સબપ્લોટ નં:બી-૧૨ | ૧૩૬.૮૩ | |
| | | | કુલ. | ૨૮૦૯.૩૬ | |

**નોંધ.માન.મ્યુનિસીપલ કમિશ્નરશ્રીએ મંજુર કર્યા મુજબ.**
**ક્રમાંક:પી.આર.એમ:જી.એમ.સી/૨૧૬/વાવોલ-૧૩/૧૦/૨૦૨૧/૧૧૯૫ /૨૦૨૨**
વપરાશ: રહેણાંક
તારીખ : ૨૦/૦૫/૨૦૨૨

જુનીયર નગર નિયોજક
ગાંધીનગર મહાનગરપાલિકા
ગાંધીનગર

**ખાસ શરતો :-**

૧. આ વિકાસ પરવાનગીથી સી.જી.ડી.સી.આરની જોગવાઇઓ મુજબ તેમજ લાગુ પડતા કાયદા/નિયમો અન્વયેની પરવાનગીઓ મળતી નથી.

૨. સેપ્ટીક ટેંક તથા સોકવેલની સાઇઝ તથા નેશનલ બિલ્ડીંગ કોડ (આઇ.એસ ૨૪૭૦) તથા સિવિલ એન્જીનિયરીંગ હેન્ડબુક (બાય-ખન્ના) મુજબ ડ્રેનેજ લે-આઉટમાં દર્શાવવાના રહેશે. તે અનુસારની જોગવાઇ કરવાની જવાબદારી આર્કીટેક/ઇજનેર/સ્ટ્રકચરલ એન્જીનિયર/કર્લાક ઓફ વર્કસ/સાઇટ સુપરવાઇઝર/ડેવલપર/જમીન માલિકની રહેશે.

૩. વિકાસ પરવાનગી પત્ર તથા મંજુર થયેલ નકશાઓને એક સ્થળ સેટ ઉપર પ્રસિધ્ધ કરવાનો રહેશે.

૪. સદરહુ લે-આઉટ પ્લાનની બીનખેતી અંગેની પરવાનગી જીલ્લા કલેકટરશ્રી/જીલ્લા વિકાસ અધિકારીશ્રી/તાલુકા વિકાસ અધિકારીશ્રી પાસેથી મેળવી લેવાની રહેશે.

૫. આ પરવાનગી બાંધકામ અંગેની પરવાનગી નથી.

૬. બીનખેતી અંગેની પરવાનગી મળ્યા બાદ બાંધકામ શરુ કરતાં પહેલાં અત્રેથી બાંધકામ અંગેની પરવાનગી મેળવી લેવાની રહેશે.

# -: શરતો :-

૧. વિકાસ પરવાનગી પત્રમાં દર્શાવેલ શરતોમાંથી કોઇપણ શરતનો ભંગ કરવામાં આવશે તો મહાનગરપાલિકા તે શરતોનો અમલ જવાબદાર ઇસમના/સંસ્થાના ખર્ચે અને જોખમે કરાવી શકાશે અને મહાનગરપાલિકા તેવા કૃત્યો ને લીધે નુકશાન, ખોટ કે હરકત થાય તે બદલ કોઇપણ વળતર કે બદલ મળશે નહીં.

૨. આ પરવાનગીના કારણે અરજદારને માલિકી,જમીનની હદ તથા જમીનના વિસ્તાર/ક્ષેત્રફળ અંગેની મંજુરી મળતી નથી. પરંતુ લે-આઉટ પ્લાન/સબ પ્લોટીંગ/એમાલ્ગેશન અંગેની મંજુરી આપવામાં આવે છે.

૩. આ વિકાસ પરવાનગીથી ખાનગી હક્કો અંગે મહાનગરપાલિકાની કોઇપણ જવાબદારી રહેતી નથી.

૪. મુસદ્દારુપ નગર રચના યોજનામાં ફાળવવામાં આવેલ અંતિમખંડની હદ, માપ, ક્ષે+ફળ તથા ફાળવણી ટાઉન પ્લાનીંગ ઓફીસરશ્રી ધ્વારા ફેરફારને પાત્ર છે.

૫. પ્લોટની હદ, આંતરિક રસ્તા ઉપર, કોમન પ્લોટમાં અંતરાયરુપ ન થાત તે રીતે યોગ્ય સ્થળોએ ૨૦૦.૦૦ ચો.મી. જમીનમાં વિસ્તાર દીઠ ૫ વૃક્ષ ઉગાડવાનું રહેશે. વૃક્ષોની ફરજીયાત જરુરીયાત મુજબ ટ્રી ગાર્ડ રાખી વૃક્ષોની સારસંભાળ રાખવાની જવાબદારી જમીન માલિક તથા વિકાસ પરવાનગી મેળવવાની રહેશે.

૬. લે-આઉટમાં દર્શાવેલ આંતરિક રસ્તાઓ પાકા કરવાના રહેશે.

૭. વખતો વખત ગાંધીનગર મહાનગરપાલિકા તરફથી વિકાસ માટેના જે નિયમો તથા જાહેરાત કરાય તે જમીન માલિક, હિતસંબંધ ધરાવતી વ્યકિત, સંસ્થા તેમજ અરજદારને બંધનકર્તા રહેશે.

૮. સદર વિકાસ પરવાગની અન્વયે જમીન માલિકીમાં ફેરફાર થાય અથવા આ પરવાનગી સાથે સંકળાયેલ રજીસ્ટ્રેશન ધરાવતી કોઇ વ્યકિત બદલાય તો નવા જમીન માલિકી અંગેના પુરાવા રજુ કરે ત્યાં સુધી તથા રજીસ્ટ્રેશન ધરાવતી નવી વ્યકિતની નિમણુંક ન થાય ત્યાં સુધી સી.જી.ડી.સી.આરની જોગવાઇઓ મુજબ વિકાસ પરવાનગી નિલંબીત ગણાશે. સદરહું સમય દરમ્યાન થયેલ બાંધકામ બિનઅધિકૃત ગણાશે.

૯. સરકારશ્રીના તા.૨૯-૦૫-૨૦૦૧ ના સ્ટ્રકચરલ સેફ્ટી અંગેના એનક્ષરના વિનિયમ ૧૩,૧૪,૧૫ ની જોગવાઇ અનુસાર ભુકંપ અંગેની સુરક્ષા, ચક્રવાત અંગેની સુરક્ષા, બાંધકામ તથા બાંધકામમાં વપરાતા ઇમારતી માલ સામાનની ગણવત્તા અને ચકાસણી, બાંધકામની સ્થિરતા તથા આગ અંગેની સલામતી તેમજ અન્ય ભયજનક બાબતો અંગે નિષ્ણાંતોની સલાહ સુચના મુજબ પગલાં લેવાની તમામ જવાબદારી આર્કીટેકટ/ઇજનેર/ સ્ટ્રકચરલ-એન્જિનિયર/કલાર્ક ઓફ વર્કસ/સુપરવાઇઝર/ડેવલપર/જમીન માલિકની રહેશે.

૧૦. આ વિકાસ પરવાનગી પત્ર મંજુર આપ્યા તારીખથી ૧૨ માસ સુધી જ અમલમાં રહેશે. ત્યારબાદ અધિનિયમની કલમ-૩૨ મુજબ વિકાસ પરવાનગીની મુદત વધારવાની પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

૧૧. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૩૩ મુજબ વિકાસ યોજનામાં જો કોઇ ફેરફાર થાય તો મહાનગરપાલિકા આપેલ વિકાસ પરવાનગીમાં ફેરફાર કરી શકશે અથવા વિકાસ પરવાનગી રદ કરી શકશે.

૧૨. સી.જી.ડી.સી.આરની જોગવાઇઓ મુજબ અરજદારશ્રીએ ખોટી રીતે રજુઆત અથવા ખોટા દસ્તાવેજો પુરાવા રજુ કરેલ હશે તો આપેલ વિકાસ પરવાનગી આપોઆપ રદ થયેલ ગણાશે.

**નોંધ.માન.મ્યુનિસીપલ કમિશ્નરશ્રીએ મંજુર કર્યા મુજબ.**
**ક્રમાંક:પી.આર.એમ:જી.એમ.સી/૨૧૬/વાવોલ-૧૩/૧૦/૨૦૨૧/૧૧૯૭ /૨૦૨૨**
**વપરાશ: રહેણાંક**
**તારીખ : ૨૦/૦૧/૨૦૨૨**

Acharya..
**જુનીયર નગર નિયોજક**
**ગાંધીનગર મહાનગરપાલિકા**
**ગાંધીનગર**